ગાંધીનગર સમાચાર

તા. ૮-૧-૨૦૧૪, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### ન્યાયપાલિકા કાનૂનથી પર નથી

પશ્ચિમ બંગના માનવાધિકાર પંચના અધ્યક્ષ અને સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ એ.કે. ગાંગુલીને આખરે એમના પદ પરથી રાજીનામું આપવું પડ્યું છે. એમની સામે લૉ ઈન્ટરની યુવતીએ કરેલા જાતીય સતામણીના આક્ષેપોમાં સુપ્રીમ કોર્ટ દ્વારા નિયુક્ત ત્રણ સદસ્યોની સમિતિને પ્રથમ દૃષ્ટિએ તથ્ય લાગ્યું હતું. સમિતિનો અહેવાલ આવ્યો તે જ દિવસે જસ્ટિસ ગાંગુલી એમના પદ પરથી રાજીનામું આપશે એવી અપેક્ષા રખાતી હતી પરંતુ એમણે ડૂબતું માણસ તરણું ઝાલી બચવાની કોશિશ કરે એમ છેક સુધી પોતાના પદ પર ટકી રહેવાનું વલણ અપનાવ્યું એથી ઊલટાની ન્યાયપાલિકાની ઈમેજ ઝંખવાઈ હતી. જો રાજીનામું ન આપ્યું હોત તો એમને એ પદ પરથી હટાવવાની પ્રક્રિયા આરંભાઈ ચૂકી હતી. સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ જેવી પ્રતિષ્ઠાવાળી સેવા આપીને રિટાયર થયેલા ઉંમરલાયક મહાનુભાવને નામોશીભરી બરખાસ્તગી વહોરવી પડે તે આખા તંત્ર માટે ક્ષોભજનક ઘટના ગણાઈ હોત. મામલો છેક રાષ્ટ્રપતિ સુધી પહોંચી ચૂકયો હતો અને મહામહિમ રાષ્ટ્રપતિની સહી સાથે એમની ભલામણ મળી જતાં આજ નહીં તો કાલ પણ પશ્ચિમ બંગ માનવાધિકાર આયોગનું અધ્યક્ષપદ ગાંગુલી પાસેથી છીનવાઈ જવાનું નક્કી બની ગયું હતું. છેલ્લે જસ્ટિસ ગાંગુલી સામેનો કેસ એ હિતશત્રુઓ દ્વારા રચાયેલ કાવતરું હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી જાહેર હિતની બે અરજીઓ પણ કરવામાં આવી હતી. ડૉ. પદ્મનારાયણ સિંહે જસ્ટિસ ગાંગુલી સામે સરકારી કાર્યવાહી અટકાવવાની માગણી કરી હતી તો બીજી એક અરજીમાં એડવોકેટ ઉદય ગુપ્તાએ જસ્ટિસ ગાંગુલી સામે કેસ દાખલ કરવાની માગણી કરી હતી. કોર્ટે બંને અરજીઓ ફગાવી દેતાં જસ્ટિસ ગાંગુલી માટે રાજીનામું ધરી દીધા સિવાય કોઈ જ વિકલ્પ બચ્યો નહોતો. ગાંગુલીના હઠાગ્રહ અભિગમથી કંટાળીને કેન્દ્ર સરકારે તેમને હોદ્દા પરથી દૂર કરવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી. કૅબિનેટ દ્વારા પ્રેસિડેન્શિયલ રેફરંસ મંજૂર કરવામાં આવ્યો હતો. આખરે વરિષ્ઠ કાનૂની હસ્તીઓ સાથે ચર્ચા કરીને ગાંગુલીએ પદ પરથી રાજીનામું આપવાનું મન બનાવી લીધું હતું. જસ્ટિસ ગાંગુલી સામે એક લૉ ઈન્ટરની યુવતીએ ગત ૨૪ ડિસેમ્બર, ૨૦૧૨ની રાતે જાતીય સતામણી કર્યાનો આક્ષેપ કરતો બ્લૉગ લખ્યો ત્યારથી આ વરિષ્ઠ ન્યાયમૂર્તિની પનોતી ચાલુ થઈ ગઈ હતી. જસ્ટિસ ગાંગુલીએ વારંવાર એક જ વાત દોહરાવ્યે રાખી કે પોતે આવું કોઈ જ કૃત્ય કર્યું નહોતું અને ફરિયાદી છોકરીને તો તેઓ પોતાની દીકરી જેવી ગણે છે. પરંતુ ફરિયાદ કરનારી છોકરીએ એમનાં તથાકથિત કરતૂતોની વિગતો જાહેર કરી હતી. તરુણ તેજપાલ અને સંત આસારામ જેવી 'હાઈ-ફાઈ' પ્રતિષ્ઠિત વ્યકિતઓ વિરુદ્ધ યુવતીઓએ જે હિંમત દર્શાવી એથી આ લૉ ઈન્ટર્ન યુવતીને પણ પોતાની સાથે થયેલ દુર્વ્યવહાર ઉજાગર કરી ન્યાયપાલિકા જેવી સૌથી વધુ પ્રતિષ્ઠિત ગણાતી સંસ્થામાં બેઠેલાં બ્લૅક શીપની કાળી બાજુ બહાર આણવાનું મન થયું હશે. માણસ તરીકે એ કોઈ સુપર મેન નથી કે એમનામાં માનવ સહજ વિકારો અને વિષય વાસના ન જ જાગે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી જોતાં યુવતીની ફરિયાદમાં તથ્ય લાગે છે અને જસ્ટિસ ગાંગુલીને સુપ્રીમ કોર્ટની તપાસ સમિતિએ એ ફરિયાદ સાચી માનીને પ્રથમદર્શી દોષિત માની પણ લીધા છે. છતાં જસ્ટિસ ગાંગુલી એમના હોદ્દા અને ઉંમરનો તકાદો આપી પોતાના કાર્યકાળ દરમિયાન એમણે કેટલાંક મોટાં માથાં વિરુદ્ધ કડક ચુકાદા આપેલ હોઈ, આખી ઘટનાને પોતાની વિરુદ્ધનું કાવતરું ગણાવવાનો પ્રયાસ ચાલુ રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં એમના શુભેચ્છકો પણ બેઠા જ હોય. જસ્ટિસ સદાશિવમે તપાસ સમિતિના અહેવાલ પછી પણ જસ્ટિસ ગાંગુલી સામે કાર્યવાહી કરવાનો એવી દલીલ સાથે ઈનકાર કર્યો હતો કે તેઓ ઘટના બની ત્યારે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પદે કાર્યરત નહોતા. આવાં અઢળક બચાવનામાં પછી પણ આ વૃદ્ધ ન્યાયાધીશ કાનૂનના સકંજામાં આવી જ ગયા છે. કાયદો બધા માટે સમાન હોવો જોઈએ. દિલ્હીની સૂમસામ સડકો પર ગેંગરેપ કરનારા રીઢા ગુનેગારોને લાગુ પડનારી જાતીય સતામણીની કલમ આસારામ જેવા લોકપ્રિય સાધુસંતને પણ લાગુ પડવી જોઈએ અને તરુણ તેજપાલ જેવા વરિષ્ઠ પત્રકારને તેમજ નિવૃત્ત ન્યાયમૂર્તિ જસ્ટિસ ગાંગુલીને પણ લાગુ પડવી જોઈએ. જો કાયદાની બાબતમાં વહેરોવંચો રાખવામાં આવે તો ન્યાયપાલિકા પોતે જ લોકનજરમાં હેઠી ઊતરી જશે.

ઓલ ગુજરાત વાડોકાઈ કરાટે ચેમ્પિયનશીપનું તાજેતરમાં ગાંધીનગર સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડીયાનાં વિશાળ મલ્ટીપરપઝ હોલમાં આયોજન થયું હતું. આ સ્પર્ધામાં કુલ ૧૦ જિલ્લામાંથી ૪૬૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધીનગર જિલ્લાની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ૧૨ ખેલાડીઓ ચેમ્પિયન બન્યા હતા જ્યારે ૧૩ ખેલાડીઓ રનર્સ અપ રહ્યા હતા. ૩૭ ખેલાડીઓએ સેમીફાઈનલ સુધી પહોંચી સારો દેખાવ કર્યો હતો. આ ટીમને સેનસાઈ શ્રી ગૌરાંગ રાણા, સેનસાઈ શ્રી વિશાલ મિસ્ત્રી, સેનસાઈ શ્રી યોગેશ વિશ્વકર્મા, સેમ્પાઈ શ્રી દર્શન સુથાર તથા સેમ્પાઈ સુરજ ત્રિપાઠી પ્રશિક્ષણ આપી તૈયાર કરી હતી.

## આત્મન ફાઉન્ડેશન અને સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગર દ્વારા નિઃશુલ્ક ગરમ વસ્ત્રોનું વિતરણ કરાયું

### ૩૦૦ સ્વેટર અને ૫૬૦ ધાબળા અપાયા

ગાંધીનગર, તા. ૭

શિયાળો સંપૂર્ણ જામી ગયો છે. ઠંડી નગરજનોને થરથર ધ્રુજાવે છે. ત્યારે શહેરમાં આવેલી સિનિયર સિટિજન કાઉન્સિલ સંસ્થા દ્વારા માનવતા મહેંકાવવાનું કામ કર્યું છે. સંસ્થા દ્વારા ઠંડીમાં હૂંફ આપતા ગરમ વસ્ત્રોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા તાજેતરમાં શહેરની આજુબાજુમાં આવેલી ૧૧ આંગણીવાડીમાં અભ્યાસ કરતા કુલ ૩૦૦ નાના બાળકોને ગરમ સ્વેટર, સ્કાફ અને ગરમ ટોપી પહેરાવી હૂંફ પુરી પાડી હતી.

તેમજ શહેરમાં ક, ખ, વાવોલ અને સેક્ટર-૬ની ઝૂંપડપટ્ટીમાં રહેતા અને ગરીબ શ્રમીકોને ૪૦૦ નંગ ગરમ ધાબળા ઓઢાડવામાં આવ્યા હતા. ગરમ ધાબળાનું વિતરણ કરવાથી ઠંડીમાં ઠુઠવાતા ગરીબોને ધાબળા રૂપી ગરમાવો માળ્યો હતો.

આત્મન ફાઉન્ડેશન અને સિ.સિ.કા.ના સંયુક્ત સહયોગથી દરિયાની ખારાશમાં રહેતા અને જનતાને મીઠુ ભોજન પિરસવામાં મદદરૂપ થતું મીઠુ પકવતા કચ્છના અગરિયાઓની સ્થિતિનો તાગ મેળવી કુલ ૧૬૦ અગરિયાઓને ધાબળા વિતરણ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના એચ.બી. શાહ, ભોગીલાલ ઠક્કર, સોમાભાઈ પરમાર, ભરતસિંહ વાઘેલા, દશરથભાઈ પરમાર, જે.એલ. શાહ, મનહરભાઈ શાહ અને બી.ડી. શાહે સેવાઓ આપી ગરીબોના દુઃખમાં સહભાગી થવાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

## ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક દ્વારા યોજાયેલ કૃષિ-શૈક્ષણિક સેમીનાર

ગાંધીનગર, તા. ૭

**કિસાનોના હિતને વરેલી ગુજરાત સરકારને કારણે કૃષિ ધિરાણ ક્ષેત્રે સહકારી બેંકોને સહાયરૂપ થવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે, એમ નાણામંત્રીશ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું છે.**

**આજે ગાંધીનગર ખાતે ગુજરાત સ્ટેટ કો.ઓ. બેન્ક અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંક દ્વારા યોજાયેલ કૃષિ-શૈક્ષણિક સેમીનારને સંબોધતાં મંત્રીશ્રી પટેલે ઉમેર્યું હતું કે, કિસાનોને કૃષિ ક્ષેત્રે મદદરૂપ થવા માટે ગુજરાત સરકારે અનેકવિધ પગલાં લીધાં છે. જેને કારણે ગુજરાતે કૃષિક્ષેત્રે અનેકવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. કિસાનોને સહકારી બેંકો દ્વારા અપાતી ધિરાણ સુવિધા માટે પણ રાજ્ય સરકારે પ્રોએક્ટીવ ભૂમિકા દાખવીને નીતિવિષયક બાબતો માટે પણ અનેકવિધ પગલાં લીધાં છે. વિદ્યાર્થીઓને અભ્યાસ માટે બેંકો દ્વારા જે લોન-સુવિધા પુરી પાડવામાં આવી રહી છે, તેને અભિનંદન આપતાં કહ્યું કે, રાજ્યમાં બેંકો દ્વારા અભ્યાસની પ્રવૃત્તિને વેગવાન બનાવવા માટે જે પ્રયાસો થઈ રહ્યા છે. તે સરાહનીય છે જેનો મહત્તમ ઉપયોગ કરવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.**

**અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના ચેરમેનશ્રી અજય પટેલે બેંકો દ્વારા અપાતી સવલતો-કાર્યક્રમોની રૂપરેખા આપતાં જણાવ્યું હતું કે, બેંકોને નીતિ વિષયક નિર્ણયો લેવા માટે રાજ્ય સરકાર દ્વારા જે પ્રોએક્ટીવ ભૂમિકા અદા કરવામાં આવી રહી છે તે ખરેખર પ્રશંસનીય છે. તેમણે સહકારી સંસ્થાઓ અને બેંકો દ્વારા કૃષિ અને અભ્યાસ માટે જે સહાયો આપવામાં આવી રહી છે તે વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે.**

**આ પ્રસંગે ધારાસભ્યશ્રી અશોક પટેલ, સહકારી ક્ષેત્રના આગેવાનો, ગુજરાત સ્ટેટ કો.ઓ. બેંક અને અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકના અધિકારીઓ સહિત કૃષિકારો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.**

## ચૌધરી કોમ્પ્યુટર કોલેજમાં આજે 'ટેલેન્ટ સ્પાર્ક'

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના સે-૭માં આવેલ અખિલ આંજણા કેળવણી મંડળ દ્વારા સંચાલિત ચૌધરી કોલેજ ઓફ કોમ્પ્યુટર એજ્યુકેશન દ્વારા બી.સી.એ.ની વિદ્યાર્થીનીઓની પ્રતિભા નિખારવાના હેતુથી 'ટેલેન્ટ સ્પાર્ક'નું આયોજન કરાયુ છે. આ 'ટેલેન્ટ સ્પાર્ક' આજે સવારે ૯-૦૦ વાગે ચૌધરી કોલેજ ખાતે યોજાશે.

## ગ્લોબલ વોર્મિંગ અને ગૃપ-ડે ઉજવાયો

ગાંધીનગર, તા. ૭

ચૌધરી ગર્લ્સ બી.સી.એ. કોલેજ સે. ૭ખાતે ગ્લોબલ વોર્મિંગ ડે અને ગૃપ ડે યોજવામાં આવ્યો હતો. ગ્લોબલ વોર્મિંગ ડે અને ગૃપ ડે માં ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. તેમજ વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## 'મેવા' દ્વારા છેલ્લા દસ વર્ષમાં સન્માનિત વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન 'મેવા' દ્વારા વર્ષ ૨૦૦૩થી ૨૦૧૩ સુધી સન્માનિત થયેલ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સંમેલન તા. ૫મી જાન્યુઆરીએ સે. ૨૧ની જુમ્મા મસ્જીદના મલ્ટીપરપઝ હોલ ખાતે યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વિદ્યાર્થીઓ તેમજ વાલીગણોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી તેમજ સમાજના પ્રતિષ્ઠિત મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## હરિની દૃષ્ટિ...

*દવા દારૂ કરાવવાનું તમારા વડીલે તમને કહ્યું તે બરોબર પણ, અમે અહીં ખાલી દવા જ આપીશું...!!*

## ગાંધીનગર સ્થિત સરઢવાસીઓનું ૧૨મીએ સ્નેહમિલન યોજાશે

સરઢવ, તા. ૭

રેવાબાઈ જનરલ હોસ્પિટલની શુભારંભને સને ૨૦૧૪માં ૫૦ વર્ષ પૂર્ણ થાય છે. આ નિમિત્તે સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવવાનો નિર્ણય થયેલ છે. ઉજવણીના ભાગરૂપે રોગનિદાન કેમ્પ, રક્તદાન શિબિરો અને સરઢવના વતનીઓના સંમેલનો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને સરઢવવાસીઓ ભાઈ-બહેનો ગાંધીગરમાં વસવાટ કરતા હોય તેઓનું સેમેલન તા. ૧૨મી જાન્યુઆરીના રોજ સાંજે ૪ વાગે બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ,ફાર્મસી કેમ્પસ સેક્ટર-૨૩માં યોજાશે. આ પ્રસંગે મંડળના પ્રમુખશ્રી ડૉ. કે.ટી. પટેલ અને અન્ય હોદ્દેદારો હાજર રહેશે. સંમેલન સફળ બનાવવા માટે શ્રી બી.આર. પટેલ, શ્રી મહેન્દ્રભાઈ પટેલ, શ્રી આર.કે. પટેલ, શ્રી નિરંજનભાઈ પી. પટેલ પ્રયત્નો કરી રહ્યા છે.

## અખિલ ગુજરાત નેતરવાલા વક્તૃત્વ સ્પર્ધા યોજાશે : વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અપાશે

ગાંધીનગર, તા. ૭

અંધ સર્વોદય મંડળ રાજકોટ અને સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ સંચાલિત અંધશાળા ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અખિલ ગુજરાત અંધજન 'નેતરવાલા' વક્તૃત્વ સ્પર્ધા તા. ૧૧ જાન્યુઆરી બપોરે ૩.૦૦ કલાકે સે. ૧૬ ખાતે યોજવામાં આવશે.

ગુજરાત અંધજન 'નેતરવાલા' વક્તૃત્વ સ્પર્ધા અંતર્ગત ઈનામ વિતરણ કાર્યક્રમ અને ઉચ્ચ શિક્ષણ અર્થે શિષ્યવૃત્તિ અર્પણ કરવાનો કાર્યક્રમ તા. ૧૨ જાન્યુઆરી રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અંધશાળા સે. ૧૬ ખાતે યોજવામાં આવશે.

## બે દિવસ આદર્શ નિવાસી શાળાનો વાર્ષિક રમતોત્સવ યોજાશે

આદર્શ નિવાસી શાળા અ.જા.ક. સે-૧૩ દ્વારા વાર્ષિક એથ્લેટિક્સ રમતો યોજવામાં આવી હતી.

આદર્શ નિવાસી શાળા સે-૮ના મેદાનમાં તા. ૭ અને ૮ જાન્યુઆરી દરમિયાન વાર્ષિક રમતોત્સવ યોજવામાં આવી રહ્યો છે. તા. ૭ જાન્યુઆરીના રોજ રમતોત્સવનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં રોટેરીયન અમીબેન શાહ, મીતાબેન ઉપાધ્યાય અને એઈડસ કંટ્રોલ સોસાયટીના ડાયરેક્ટર રાજેશભાઈ ગુમા ઉપસ્થિત રહ્યા હતાં. મોટી સંખ્યામાં રમતવીર વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# જો તમને મુક્તિ કે મોક્ષની વાતોમાં રસ ન હોય તો માંડ મળેલા આ શરીરને યોગ્ય રીતે જાળવો

*શતં વો અમ્બ ધામાનિ સહસ્રભુત વો રુહ ।*
*અધઃ શતક્ત્વો યુયભિમં મે અગદં કૃત ॥*

યજુર્વેદ સંહિતા ૧૨-૭૬

હે પોષણક્ષમ ઔષધિયો, આપના સેંકડો નામો છે અને અંકુરો પણ અસંખ્ય છે. સેંકડો કર્મને સિદ્ધ કરનારા ઔષધિયો, યજમાનને આરોગ્ય પ્રદાન કરો

(આચાર્ય શ્રીરામ શર્માનો અનુવાદ)

વેદોમાં એવા ઘણા મંત્રો છે જેનું ભાષ્ય વિવિધ ભાષાકારોએ અલગ અલગ કર્યુ હોય. કારણ કે જે તે મંત્રનો માત્ર વાચ્યાર્થ જ સમજવાનો નથી હોતો તેનો લક્ષ્યાર્થ અને વ્યંગ્યાર્થ પણ સમજવો પડે છે. આચાર્ય શર્માજીએ, વેદોનો દિવ્ય સંદેશ ગ્રંથમાં આ મંત્રનો ભાવાર્થ આ પ્રમાણે આપ્યો છે. 'ધર્મ અર્થ કામ તથા મોત્ર પ્રાપ્તિનું મુખ્ય સાધન મનુષ્યનું શરીર છે તેથી યોગ્ય આહાર. સંયમિત વિહાર અને વર્તનમાં કલ્યાણ- ભાવના રાખી શરીર- સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું નિરોગી શરીર જ સર્વ સુખના મુળમાં છે.' (વેદોનાં દિવ્ય સંદેશ પૃ. ૩૫૬) આહાર વિહાર અને શારીરિક સુખ મેળવવા માટે ઋગ્વેદમાં પણ આવાજ અર્થ ધરાવતા મંત્રો મળે છે. જેવા કે

*'ઝષસ્વ સપ્રથમસ્તમ વચો દેવપ્સરસ્તભમ્ ।*
*હવ્યા ગુખાન આસનિ ॥'*

મૂળ અર્થ પ્રમાણે તો આ અગ્નિની સ્તુતિ છે. પરંતુ શ્રીરામ શર્માનું ભાવાર્થ આપતા નોંધે છે કે શારીરિક તથા આત્મિક સુખ ઈચ્છતાં લોકોએ પોતાના આહાર વિહારમાં સાદાઈ રાખવી. બ્રહ્મર્થનું પાલન કરવું. (વેદોનાં દિવ્ય સંદેશ પૃ. ૩૫૨) એ જ પ્રમાણે ઋગ્વેદના ત્રીજા મંડળના ચાલીશમાં સુકતના પાંચમા મત્રમાં જણાવ્યું છે કે 'આપણો ખોરાક એવો જ હોવો જોઈએ જેથી આપણાં બળ-બુદ્ધિ તથા સાહસમાં વધારો થાય.' ઈન્દ્રને આ સ્તુતિ કરવામાં આવી છે. આપણાં આ લેખમાં આચાર્ય શ્રીરામ શર્માના ભાવાર્થને અનુસરીને આધ્યાત્મિક ઉન્નતિમાં આ શરીરના વિશિષ્ટ પ્રદાન અંગે વિચારશું. માનવ માત્રનું જે પરમ લક્ષ્ય મનાય છે તે મુક્તિ માટે આ શરીર અને શરીર સંબંધી કર્મો પર વિચારશું...

પરમાત્માએ આ જીવન તથા તેને અનુરૂપ શરીરની ભેટ ફોગટમાં નથી આપી. આપણું આ શરીર તો એક અમૂલ્ય સંપત્તિ છે. પ્રકૃતિએ માનવને વિશ્વનું સૌથી સુંદર શરીર તથા માનસિક શક્તિ ભંડાર આપ્યો છે. ઐતરેય ઉપનિષદમાં કથા છે કે પરમાત્માએ પ્રથમ ગાય તથા અશ્વની આકૃતિ સર્જી પણ દેવોને તે પસંદ ન આવ્યું. પછી પરમાત્માએ માનવ આકૃતિ સર્જી તો તે જોઈ સૌ દેવો ખુશ થયા અને વિવિધ ઈન્દ્રિયોમાં વાસ કર્યો. ખુદ પરમાત્મા પોતે પણ જ્ઞાનમય બની બ્રહ્મરંદ્ર દ્વારા આ શરીરમાં પ્રવેશ્યા. આમ આ શરીર તો દેવોનો નિવાસ છે. તેને મંદિરની પ્રતિષ્ઠા મળવી જોઈએ. પરંતુ વ્યવહારમાં આપણી ધાર્મિક કથાઓમાં આ શરીરને વારંવાર ઉતારી પાડવામાં આવે છે. આ તો કાચી માટીનો ઘડો છે. પાણીનો પરપોટો છે કે કાચનો કૂંમ્પો છે. તેવા વચનો તેની ક્ષણ ભંગુરતાને ધ્યાનમાં રાખી કહેવામાં આવે છે. શરીર તો જડ છે. તેની આસક્તિ ન રાખવી. દેહાસકત તો બંધનમાં સપડાય છે તેવું વેદાંતીઓ માને છે. પરંતુ શરીર વિના આત્માનું અસ્તિત્વ આપણે પામી શકતા નથી. શરીર ખલુ ધર્મ સાધનમ્ । એમ કહેવાયું છે. ચારે પુરુષાર્થની પ્રાપ્તિ આ શરીર દ્વારા કરી શકાય છે. સ્વર્ગના સુખ તથા વૈભવ ભાંગવવા માટે પણ આ શરીર જોઈએ તો નર્ક સમાન દુઃખ પણ આ શરીર જ ભોગવે છે, મુક્તિનો આનંદ અને કર્મના બંધન બંને આ શરીર સાથે સંકળાયેલા છે. હવે જે સાધન વડે આપણો યોગ્ય સાધના કરી શકીએ.

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**

જે સાધના આપણે ઉચ્ચ અધિકારી બનાવે. જેના દ્વારા પરમ તત્વનો સાક્ષાત્કાર થવાની જ સંભાવના છે તેને શા માટે વખોડવું?

જેમ શરીરને વખોડવું ન જોઈએ તેમ તેની અતિ પ્રશંસા કરી પ્રમાદ પણ ન સેવવો જોઈએ. આપણને મળેલ આ અણમોલ ભેટને આળસમાં, કલહમાં કે કંકાસમાં ગુમાવી દેવી તે યોગ્ય નથી. પ્રમોદેવ મૃત્યુ । ગણાય છે. શરીરને અને તે દ્વારા આપણે પોતે પર પરાસ્વી તથા શ્રેષ્ઠ બની શકીએ જેનો સનાતન માર્ગ છે દુર્ગુણોનાં ત્યાગ. જો આપણે શ્રેષ્ઠ બનવું હોય તો તે માટે ઊંડુ સચોટ જ્ઞાન, સ્વસ્થ શરીર, શાંત મગજ, તીવ્ર બુદ્ધિ અને શ્રેષ્ઠ મનોબળની ખાસ જરૂર છે. આપણું આ શરીર તો શક્તિના અખૂટ ભંડાર સમાન છે. તેના વિશે આપણે નથી તો વિચારતા કે ન તો કૃતજ્ઞતાની લાગણી અનુભવતા.

શરીરની બરોબરી કરે તેવું યંત્ર આજ સુધી નથી બન્યું કે નથી કોઈ વૈજ્ઞાનિકે ઘાસમાંથી દૂધ બનવવાની થીયરી આપી. શરીર ખોરાક પચાવી સપ્ત ધાતુમાં પરિવર્તન કરે છે. આપણા શરીરમાં તથા મનમાં જે શક્તિ ઉત્પન્ન થાય છે તેને નષ્ટ થતી અટકાવી શકાય. યા તો તેનો દુર્વ્યય થતો અટકાવી શકાય તો, અને તેને અપેક્ષિત દિશામાં વાળી શકાય તો જીવન ઉર્ધ્વગામી બને. હર્યુભર્યું બને સાધનામય બને. શક્તિનું સર્જન થાય છે ખોરાક દ્વારા અન્નને ઉપનિષદમાં પ્રાણ તથા બ્રહ્મ કર્યું છે. શરીર જેમ મન તથા આપણા આત્માને પણ પોષણક્ષણ એમની જરૂર પડે છે. ખોરાકના પ્રશ્ને આપણે માત્ર બ્રહ્મ સ્થુલ શરીરનો જ વિચાર કરીએ છીએ. નિરોગી એટલે માત્ર શારીરિક સ્વસ્થતા તેમ મનાય છે. પરંતુ મનનું સ્વાસ્થ્ય નિરોગી હોય તેને તમના રોગ થતા નથી. શરીર માટે આપણે સાચે ખોરાક પસંદ કરીએ છીએ પણ મન માટે સદ્-વાચન પસંદ કરતા નથી. જાહેર મિડિયા રાત દિ પઆપણા મગજમાં કચરો ભરતા રહે છે અને આપણે એ કચરો હોંશે હોંશે અપનાવતા હોઈએ. હિંસાત્મક દશ્યો કામવાસના ઉશ્કેરે, ગલગલિયાં કરાવે તેવી વાર્તાઓ, અર્ધનગ્ન ચિત્રો તથા ફોટાઓ. આ બધું જાણે અજાણે આપના મન પર છાપ મુકતું જાય છે .મગજ તો જે કંઈ સંપર્કમાં આવે, નેત્ર દ્વારા, શ્રવણ દ્વારા તેની નોંધ લઈ લે છે. અને નબળી કક્ષાની નોંધ ગમે ત્યારે સપાટી પર આવી આપનું નૈતિક અધપતન કરવા સમર્થ બને છે માટે શરીર કરતાં પણ મન સાચવવું જરૂરી છે. સાત્વિક ગુણ ધરાવતો તન-મનનો ખોરાક સાત્વિક બનાવે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાને સાત્વિક, રાજસી તથા તામસી પ્રકૃતિ ધરાવતા પુરુષોના ખોરાક અને તેની અસર વિશે જણાવ્યું છે.

શરીરની શક્તિ વિશે જ્ઞાન ધરાવતા હોવા છતાં આપણે એ શક્તિનો આપવ્યય કેમ કરીએ છીએ. નાનામાં નાનો માણસ પણ ખોરાક- અન્નનું મહત્વ તથા શરીરના કાર્ય અંગે જાણકારી ધરાવતો હોય છે. છતાં જીવનમાં આવતા માયાવી પ્રલોભનો ખેંચાય છે. આ પ્રલોભનો માદક તથા અતિશય મનમોહક હોય છે. વળી વિવિધ વેશ ધરીને આપણી સામે આવે છે માણસ વિવેકભાષા ગુમાવીને તદન અશકય વાતને કદાચ શકય પણ હોય તેમ માની તેમાં ઘસડાય છે અને પરિણામે સ્વાસ્થ્યને શાંતિ બંને ગુમાવે છે. શક્તિના આ અપવ્યયમાં મદદગાર બને છે જીભ તથા જનેન્દ્રિયો જીભ અતત બકવાસ કરતી રહે છે અસત્ય કડવાં તથા કોધ્ર યુક્ત વચનોથી શારીરિક શક્તિનો સારા પ્રમાણમાં વ્યય થાય છે. આપણા ઋષિમુનિઓ મૌન પાળતા આજે પણ જ્ઞાનમય શિબિરોમાં મૌન પર ભાર મુકાય છે. જો આપણે મૌન ન પાળી શકીએ તો મિત ભાષી બનવું. મિત્ર ભાષી વ્યક્તિની વાણી પ્રભાવશાળી હોય છે. જો મિલભાષી બનવામાં પણ તકલીફ થતી હોય તો જે બોલો તે વિચારીને બોલો. શબ્દ તોળી તોળીને યોગ્ય પસંદ કરી બોલો. આમ કરવાથી આપોઆપ મિતભાષી થવારો જીભને હેરવે મધ પણ છએ ને મૃત્યુ પણ છે. તે યાદ રાખવા જેવું છે. જીહવા રસના છે. ચટકીલા તીખા અને ખારા અન્ન લેવાનો મન થાય છે પણ કૃત્રિમ વાસી અને વિકૃત ખોરાકથી શરીરનું સ્વાસ્થ્ય બગડતું જાય છે જેની ખબર લાંબા ગાળે પડે ત્યારે તેમાંથી છુટવાનો ઉપાય હાથ નથી હોતો. માટે શરીરને યોગ્ય પોષણ મળે, શક્તિ મળે તેવો સાદો સુચારય ખોરાક આપો. નિયમિત આપો ચાણકયે કહ્યું છે, હજાર કામ છોડીને સમયસર ભોજન કરી લેવું.

જનેનન્દ્રિયનો સંયમ એ લગ્ન જીવનની સફળતાની ચાવી છે. માનવ સમાજની મોટા ભાગની પ્રવૃત્તિ કામવાસના સાથે એક બીજા સ્વરૂપે સંકળાયેલી હોય છે. પશ્ચિમમાં તો આ કામવાસનાને જ અતિ મહત્વ આપવામાં આવે છે. તેની સ્પષ્ટ અસર આપણે ત્યાં પ્રકાશિત થતી ઘણી જાહેર ખબરોમાં જોવા મળે છે. આપણા શાસ્ત્રકારો બ્રહ્મચર્ય પર ભાર મુકતાં પણ બ્રહ્મચર્યનો સંકુચિત વિચાર ન હતો. બ્રહ્મચારી એટલે બ્રહ્મને જાણનાર. તેની સાથે વિચારનાર-જ્ઞાની. તેથી જ સૌ ઋષિઓ ગૃહસ્થી હતા. સંતાનોના માતા-પિતા હતા. તેઓ કહેતા જો વિર્ય વેડફાય તો બુદ્ધિ તથા ઓજ નો નાશ થાય. વિર્યના શરીરમાં શક્તિ સ્ફૂર્તિ તથા વાણીમાં બળ આવે છે. વેદોમાં ઈન્દ્રને વીર્યવંત રહ્યો છે. વિર્યવત માનવી સાહસી તથા ચહેરા પર ચમક ધરાવે છે.

સ્વાસ્થ્ય દવાદારૂ પણ નિર્ભર નથી એ પૈસા ખર્ચીને બેવાતું નથી. ફરસાણ ખાવાથી સ્વાસ્થ્ય મળશે તેવો વિચાર પણ યોગ્ય નથી. વસાણા પચાવવાની શક્તિ ન હોય તો? સ્વાસ્થ્યતો આધાર આહાર સંયમિત વિહાર. શ્રમ તથા સંયમ પર છે. માટે બને તેટલું પ્રાકૃતિક જીવન જીવવું જરૂરી છે. મોટાભાગે તો આપણે પ્રકૃતિથી વિમુખ જ રહીએ છીએ. અપ્રાકૃતિક. અસ્વભાવિક કૃત્રિમ તથા વિલાશી જીવન આ શરીરમાં રોગોને આમંત્રણ આપે છે. પશુ-પક્ષી પણ દરકાર કરતો નથી. પરમાત્માએ માણને સર્વગુણ સંપન્ન શરીર આપ્યું છે. ઈશ્વરે આ વિશ્વની પ્રગતિ માટે શાંતિ અને સુવ્યવસ્થિતતા માટે, સમૃદ્ધિ તથા સુંદરત્વ માટે માનવીને પોતાનો સહાયક બનાવ્યો છે. તેણે પોતાના તમામ વિભૂતિ માનવમાં સંક્રાંત કરી છે. તમામ વિશેષતા પણ માનવ મનમાં ભરી દીધી છે. પરમાત્મા પોતે પણ આત્મ સ્વરૂપે રહી માર્ગદર્શન આપતો રહે છે.

આમ છતાં માનવ પોતાના અહંભાવમાં સપડાઈને વારંવાર દુઃખ થાય છે. મૂર્ખતા પૂર્ણ પગલાં ભરી આ શરીરને બગાડતો જાય છે. શરીરને તંદુરસ્ત રાખવાની મનને પવિત્ર રાખવાની જવાબદારી માણસની પોતાની છે. શાસ્ત્રો કહે છે આ માનવ દેહ માંડ માંડ મળ્યો છે. જો તમને મુક્તિ કે મોક્ષની વાતોમાં રસ ન હોય તો માંડ મળેલા આ શરીરને યોગ્ય રીતે જાળવો. પોતાની પ્રકૃતિને માફક આવે તેવું રહન-સહન રાખો. ભગવાન વ્યાસે કહ્યું છે કે, રોગી માણસને આ લોક સુખ નથી તો પરલોકમાં પણ શાંતિ નથી. જે પરમ સાધનાની આપણને પ્રાપ્તિ થઈ છે તેને જાળવી તેની મદદ વડે પરમાત્માને પામીએ એજ અભ્યર્થના...